# આપણી વાત

## ■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

પ્રકારોત્સવ = પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૧૬-૧૨-૨૦૧૭ના શનિવારે સાંજે ૫-૦૦ કલાકે પરિષદના ગોવર્ધનસ્મૃતિમંદિરમાં 'પ્રકારોત્સવ' વિષય પર પરિસંવાદ યોજાયો હતો. પ્રારંભે પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કરીને પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદના પ્રમુખ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે સાહિત્યના સ્વરૂપ અને પ્રકારો વિશેના ભેદની ચર્ચા કરી હતી. શ્રી અનિલ ચાવડાએ કેફિયત સાથે કવિતાસર્જનની ચર્ચા કરી હતી. શ્રી રામ મોરીએ કેફિયત સાથે વાર્તાસર્જનની ચર્ચા કરી હતી. શ્રી ધ્વનિલ પારેખે નાટ્યપ્રકાર અને નાટ્યસર્જનની વિગતે ચર્ચા કરી હતી. શ્રી ભારતી રાણેએ કેફિયત સાથે નિબંધલેખનની ચર્ચા કરી હતી. શ્રી હેમન્ત દવેએ કેફિયત સાથે વિવેચનની શાસ્ત્રીય ચર્ચા કરી હતી. શ્રી માવજી મહેશ્વરીએ કેફિયત તથા નવલકથાલેખનની ચર્ચા કરી હતી. આ પરિસંવાદમાં વક્તાઓએ પ્રારંભે જે પ્રકારમાં ખેડાણ કર્યું છે તેનું આંશિક વાચન, પઠન-પાઠન કરીને પોતાની કેફિયત રજૂ કરી હતી. આ સર્જન નિમિત્તે સર્જકોએ જે પોતાની ભીતર કાર્યશાળા ચલાવી છે. તેની વાત કરી હતી અને જે પ્રકારમાં લખાયું છે તેનાથી અલગ કે અન્ય પ્રકારમાં લખવાની ઇચ્છા છે કે નહીં તેની વાત કરી હતી. તેમજ જે પ્રકારમાં પોતે કામ કર્યું છે. તે પ્રકાર તરફ પોતે કેમ ખેંચાયા તેની વિગતે વાત કરી હતી. આ ઉપરાંત સર્જકોએ ભાવિ દિશા કે ભાવિ યોજનાની વાત પણ કરી હતી અને જે પ્રકારમાં લેખન કર્યું છે તે પ્રકાર તરફથી પોતાને અપેક્ષા પ્રમાણે પ્રતિભાવ મળ્યો છે કે નહીં તેની વાત કરી હતી. આ પરિસંવાદનું સંચાલન શ્રી રૂપાબહેન શેઠે કર્યું હતું.

### સાહિત્ય અકાદમી, દિલ્હી પુરસ્કાર

'ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ' માટે ઊર્મિ ઘનશ્યામ દેસાઈને તથા અનુવાદ માટે 'હમ્પીના ખડકો' માટે કવિશ્રી હરીશ મીનાશ્રુને સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પુરસ્કાર જાહેર થયા છે. ઊર્મિ ઘનશ્યામ દેસાઈ તથા હરીશ મીનાશ્રુને અભિનંદન.

### 'કચ્છની ગુજરાતી કવિતા : થોડા મહત્ત્વના મુકામો' વિશે રમણીક સોમેશ્વરનું વ્યાખ્યાન

શ્રી ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ, ભૂજ-કચ્છ તરફથી તા. ૧૯-૧૧-૨૦૧૭ના રોજ ભૂજમાં 'શ્રી કાન્તિપ્રસાદ અંતાણી સ્મૃતિ વ્યાખ્યાનમાળા' અંતર્ગત શ્રી રમણીક સોમેશ્વરે 'કચ્છની ગુજરાતી કવિતા : થોડા મહત્ત્વના મુકામો' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

## અહેવાલ

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં ‘રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ’ નિમિત્તે ગુજરાતી ભાષાના વિકાસ અને ઉત્કર્ષને અનુલક્ષીને બે-દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪-૧૧-૨૦૧૭ના રોજ વાર્તાપઠન/અંતાક્ષરીનો અને તા. ૧૮-૧૧-૨૦૧૭ના રોજ ચિત્રસ્પર્ધાનો એમ બે કાર્યક્રમો યોજાયા હતા.

તા. ૧૪-૧૧-૨૦૧૭ના રોજ વાર્તાપઠન/અંતાક્ષરીના કાર્યક્રમમાં – શારદા ટ્રસ્ટ, પરિમલ પ્રા. શાળા, અમૃતજ્યોતિ અને ડિવાઇન લાઇફ જેવી વિવિધ શાળાઓમાંથી ૫ થી ૭ ધોરણનાં ૨૮ બાળકોએ વાર્તાકથનમાં ભાગ લીધો હતો. ગ્રંથાલયનાં મંત્રી શ્રી કલ્પનાબહેન પરીખે સહુનું સ્વાગત કરીને ઉમળકાભેર આવકાર આપ્યો હતો. બાળકો વિવિધ ચિત્રોનાં કાર્ટૂન્સ વાર્તા મુજબ બનાવીને લાવ્યાં હતાં અને રસપૂર્વક વાર્તાઓ કહેતાં-સાંભળતાં હતાં. નિર્ણાયક તરીકે શ્રી કલ્પનાબહેને પાંચ બાળકોને વિજેતા જાહેર કર્યાં હતાં.

અંતાક્ષરીના કાર્યક્રમનો દોર શ્રી રૂપાબહેન શેઠે સંભાળ્યો હતો. વિવિધ સ્વરૂપમાં અંતાક્ષરી રમાડીને હિન્દી સિવાય ગુજરાતી ગીતોની રમઝટ બોલાવી હતી અને ગુજરાતી ગીતોના રસને ઉજાગર કર્યો હતો. અંતે એક ગ્રૂપને વિજેતા જાહેર કર્યું હતું. કાર્યક્રમનું સમાપન કરતાં શ્રી ગંગારામ વાઘેલાએ આભારવિધિ કરી હતી.

તા. ૧૮-૧૧-૨૦૧૭ના રોજ ચિત્રસ્પર્ધાનું આયોજન થયું હતું. તેમાં દીવાન બલ્લુભાઈ (કાંકરિયા), શારદા ટ્રસ્ટ, ડિવાઇન લાઇફ, અમૃતજ્યોતિ, એકલવ્ય, પરિમલ પ્રા. શાળાના ધો. ૫ થી ૭ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી કલ્પનાબહેને ગ્રંથાલયમંત્રી તરીકે સહુને આવકારતાં પ્રસંગને અનુરૂપ વાત કરી હતી. ત્યારબાદ શ્રી બિંદુબહેન માધોએ કાર્યક્રમનું સંચાલન કરીને નિર્ણાયક તરીકે ત્રણ વિજેતા બાળકોને અને પાંચ આશ્વાસન ઇનામો આપી કુલ ૮ બાળકોને વિજેતા જાહેર કર્યાં હતાં. અંતે શ્રી દીપ્તિ શાહે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

**કલ્પના પરીખ**
ગ્રંથાલયમંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ

❑